# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

નોંધ :
કોલમ લેખક શ્રી સુરેશભાઇ ભટ્ટ
પ્રવાસે ગયા હોઇ, તા. ૧૪/૭/૨૦૧૫
મંગળવાર સુધી, વિરામ રહેશે..
- તંત્રીશ્રી

હાઇકુ

દુભવ્યાં હશે !
અજાણતાં જ દિલ -
સુપ્રભાતમ્ માં..

- તો કરી આવું..
અધિક મહિનામાં -
શ્રી ગંગા સ્નાન..

## ચિંતન

**ન ચ વિદ્યા સમો બંધુ ર્ન ચ વ્યાધિસમો રિપુઃ । ન ચાપત્ય સમઃ સ્નેહો ન ચ દેવાત્પરં વલમ્ ॥**

'વિદ્યા જેવા કોઇ બંધુ-ભાઇ નથી, અને રોગ જેવો કોઇ શત્રુ નથી. સંતાન સમાન કોઇ સાચો સ્નેહ નથી અને દૈવ-નશીબ-ભાગ્યથી વધારે કોઇ તાકાત-શક્તિ નથી.'

વિદ્યા, આવડત, કેળવણી, કલા, યાંત્રિક, ક્ષમતા, શિક્ષણ, હુન્નર એ બધું મગજશક્તિ અને બુદ્ધિ પર આધારિત છે આંગળીનો કસબ એ સાચો સાથી-મિત્ર-ભાઇ છે સર્જન-કલાકાર-મેકેનીક જેવી વ્યક્તિ પાસે વિદ્યા અને આવડત છે એ કયાંય પણ બેકાર બેસી ન રહે - ભૂખે ન મરે - વિદ્યા સાચો ભાઇ છે.

તમે ગમે તેટલા સત્તાધીશ-પદ પર - કરોડપતિ હો પણ જો શરીર-આરોગ્ય-તંદુરસ્તીનો સાથ-સહકાર ન હોય તો કંઇ જ કામ આવતું નથી. મોટા પ્રધાન હોય પણ દવાખાનામાં દાખલ થાય 'બુલેટીન' બહાર પડે પણ બીજું કંઇ જ ન થાય! રોગ શત્રુ છે.

સાચો સ્નેહ દર્શાવનાર, મિત્રો-સંબંધી-પડોશી બધા હોય પણ એ બધા પોતાની 'મર્યાદા' બાંધીને સાથ-સહકાર-સેવા કરે છે સાચો સ્નેહ-સેવા તો પોતાનાં સંતાન સિવાય બીજું કોઇ જ આપતું નથી.

## સુવિચાર

- વિશ્વની સૌથી ધનિક વ્યક્તિ તરીકે કબરમાં સૂઇ જવા કરતાં રોજ રાતે કંઇક સારું કામ કરીને સૂઇ જવામાં મને વધારે રસ છે - **સ્ટીવ જોબ્સ**
- જેને શાશ્વત સુખની ઇચ્છા છે એ બીજાને પોતાના જેવા જ માને છે અને બીજાનાં સુખદુઃખને પોતાના જ ગણે - **રાજા રામમોહનરાય**
- સંસારનાં તમામ દુઃખોનું કારણ - સુખની ઇચ્છા આશા અને ભોગ પ્રત્યેની આસક્તિ છે - **અમૃતબિંદુ**
- અગર તૂ મંદિર મે હૈ તો મસ્જીદ મેં કૌન? અગર તૂ બસ્તી મેં હૈ, તો વિરાની મેં કૌન? અગર તૂ તસબીહ મે હૈ તો માલા કે દાને દાને મેં કૌન? - **મોરારિ બાપુ**
- નાશવંતને મહત્ત્વ આપવું એટલે બંધન, નાશવંતની ઇચ્છા છોડવાથી અવિનાશી તત્ત્વની પ્રાપ્તિ થાય છે - **જનકલ્યાણ**
- સંસારનો સંગ કરવાથી ભોગ તરફ વૃત્તિ વધે છે અને પરમાત્માના સંગથી યોગ થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ભલાઇ કર્યા પછી તેનું અભિમાન કરવું એ અધોગતિ છે, પોતાના સ્વભાવને શુદ્ધ બનાવવો એ ઉન્નતિ છે - **ડો. પ્રણવ પંડ્યા**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

ગમે તેટલી પ્રૌઢ વયે પહોંચી હોય છતાં સ્ત્રીને કોઇ આન્ટી કે માસી કહે તો ગમતું નથી એમને સદાય ભાભી જ થવું ગમે છે અર્થાત સ્ત્રીને પોતાની ઉંમર-વય હંમેશા છૂપાવવી - નાની હોય એવું કોઇ કહે તો વધારે ગમે.

બર્નાડ શો રમૂજી સ્વભાવના તથા હાજર જવાબી હતી. એક મિજબાનીમાં એક પ્રૌઢા - શો ને લાગુ પડી ગઇ અને પોતાના દેખાવ-સૌંદર્ય અને વય બાબત વારંવાર અભિપ્રાય માગવા લાગી.

બર્નાડ શો એ કહ્યું - તમારી કોમળ-કરચલી વિનાની સ્કીન જોઇને કોઇ પણ તમને અઢાર વર્ષના કહે - પેત્રી સ્ત્રીએ વાંકડિયા વાળમાં આંગળી ફેરવી.

શો એ કહ્યું તમારાં કાળાં જુલ્ફો જોઇને બધા વીસ વર્ષનો જ અંદાજ બાંધે...

સ્ત્રીએ હોઠ દાબ્યા.

શો એ કહ્યું તમારા દાડમની કડી જેવાં દાંત તો તમને પચ્ચીસ વર્ષનાં જ જાહેર કરે..

સ્ત્રી કહે પણ તમે મારી ઉંમરનો સાચો આંક તો કહ્યો જ નહીં..

શો એ ટેબલ છોડી જતાં કહ્યું એ ત્રણેનો સરવાળો કરી લ્યો ને! મેડમ..

Email - sureshchandrabhatt18@gmail.com

# બધાંને પ્રેમથી વશ કરનાર મનોજભાઇએ કેન્સરના અને અસાધ્ય વ્યાધિને પણ વશમાં લઇ લીધો અને સફળતાપૂર્વકના ઓપરેશન બાદ તેઓ ભયમુક્ત અને ચિંતામુક્ત જાહેર કરાયા

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

- સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

શ્રદ્ધાસુમન સેતુ

અંબાલાલ મણીલાલ રાવલ, સે.૨૧; કે જેઓ ગાંધીનગર સાહિત્ય સભાના એક સક્રિય સભ્ય અને સાહિત્યકાર હતા. તેઓ ગાંધીનગર સાહિત્ય સભાની દરેક માસિક બેઠકમાં અને સાહિત્યિક કાર્યક્રમોમાં હાજર રહી, લેખક અને ભાવક તરીકે યોગદાન આપતા હતા, જેઓ તા. ૨૬-૬-૨૦૧૫ ને શુક્રવારના રોજ અનંતની છેલ્લી વાટ પકડી, પંચમહાભૂતમાં વિલીન થઇ ગયા. તેઓની શોકસભામાં સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ અને અન્ય હોદ્દદારોએ હાજરી આપી, તેઓને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. તેઓના થયેલ દુઃખદ નિધન બદલ ગાંધીનગર સાહિત્ય સભા ઊંડા દુઃખ અને ઘેરા શોકની લાગણી અનુભવે છે. પરમકૃપાળુ જગતનિયંતા સદ્‌ગતના પુનિત આત્માને પરમ-ચિરશાંતિ અર્પે.

**અંતર્વાણી**

હે અંતર્યામી! જગતનિયંતા!
પુષ્પોની સુગંધમાં, મોરપીંછના રગમાં,
વૃક્ષની ઉદારતામાં, ઝરણાંનાં વહેમણાં,
પંખીઓના કલરવમાં, ડુંગરોની હરિયાળીમાં,
હવામાં, પાણીમાં, પ્રકાશમાં - સર્વત્ર હું તારું દર્શન કરું
અને સૌને કરાવું એવી ભક્તિ ને શક્તિ આપ,
દીન-દયાળ, મારા નાથ!

- દધિ

વ્યક્તિવિશેષ સેતુ

''એક સાચી કવિતા જન્મે તો,
વિશ્વ માટે વધાઇ છે પાનબાઇ''

કહીને સાચી કવિતાનો અઢળક મહિમા ગાનાર ગઝલ કવિતાના એક અગ્રણી સર્જક અને ગઝલને એક આગવું, અનોખું સ્વાયત્ત કાવ્યસ્વરુપ તરીકે પ્રતિષ્ઠા અપાવનાર પ્રયોગશીલ ગઝલકારો આદિલ મનસૂરી, ચિનુ મોદી, મનહર મોદી, રાજેન્દ્ર શુક્લ જેવાઓની હરોળમાં બિરાજી શકે તેવા ગઝલકાર - કવિ મનોજ ખંડેરિયાનો જન્મ છઠ્ઠી જુલાઇ, ૧૯૪૩ના રોજ જૂનાગઢ મુકામે પિતા વૃજલાલભાઇને આંગણે, માતા વિજયાબેનની કૂખે થયો હતો. પિતા મહેસુલ અધિકારી હોવાને કારણે અવારનવાર બદલીઓ થવાથી, ધોરાજી, વેરાવળ, જૂનાગઢ, મોરબી, રાજકોટ, જામનગર જેવા શહેરોમાં સ્થળાંતર કરવાનું બનતાં, વિવિધ સ્થળોએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મેળવી, સને ૧૯૬૫માં મનોજભાઇએ બી.એસ.સી. ની પદવી મેળવી અને સને ૧૯૬૭માં એલ.એલ.બી થઇને સને ૧૯૬૮માં જૂનાગઢમાં જ વકીલાત આરંભી,સાથોસાથ વાણિજ્ય કાયદાનું પણ અધ્યાપનકાર્ય કર્યું. સને ૧૯૮૫થી તેઓ પથ્થરની ખાણના ઉદ્યોગક્ષેત્રે જોડાયા. પૂર્ણિમાબહેન સાથેના મૈત્રીપૂર્ણ દાંપત્ય જીવન દરમિયાન સંતાનો, વાણી, ઋચા અને અભિજાતનું આગમન થયું. મનોજભાઇને મોરારિ બાપુ જેવા સંતના આશીર્વાદ પામવાનું સદ્‌ભાગ્ય અને અનિલ જોષી, ચિનુ મોદી, રાજેન્દ્ર શુક્લ, પ્રફુલ્લ નાણાવટી, રમેશ પારેખ જેવા સમર્થ સર્જકો અને હેમંત નાણાવટી વિનુ મહેતા, વીરેન્દ્ર મજીઠિયા, અનિલ ખંભાયતા જેવા સહૃદયોનું પરમ સખ્ય પણ સાંપડ્યું. આ ઉપરાંત વિનોદ જોશી, સુરેશ દલાલ, કુમારપાળ દેસાઇ, હરિશ્ચંદ્ર જોશી, રઘુવીર ચૌધરી, ચંદ્રકાન્ત શેઠ, ધીરુ પરીખ જેવા સાહિત્યકારોનો નિર્વ્યાજ અને નિતાન્ત પ્રેમ પ્રાપ્ત થયો. પ્રેમમાં રમમાણ એવા મૃદુ માણસ મનોજભાઇને કેન્સરના દર્દનું નિદાન થતાં સર્વેએ આંચકો અનુભવ્યો, પરંતુ બધાંને પ્રેમથી વશ કરનાર મનોજભાઇએ કેન્સરના અને અસાધ્ય વ્યાધિને પણ વશમાં લઇ લીધો અને સફળતાપૂર્વકના ઓપરેશન બાદ તેઓ ભયમુક્ત અને ચિંતામુક્ત જાહેર કરાયા, પરંતુ -

''આ સીધી વાટ છોડીને ચાલ્યો જવાનો સાવ, શબ્દો સપાટ છોડીને ચાલ્યો જવાનો સાવ.''

...ગાનારો કવિ ખરેખર અચાનક જ કાળદેવતાની ક્રૂર અને કપાલ થપાટનો ભોગ બની સમાધીશમી ઓકટોબર, ૨૦૦૩ની વહેલી સવારે અચાનક આપણી વચ્ચેથી એમ જ ઊઠી ગયો!

મનોજ ખંડેરિયાએ કાવ્યસર્જનના શ્રી ગણેશ તો ૧૯૫૯-૬૦ માં કરેલ પરંતુ પ્રકાશનની ઉતાવળ ન હોવાથી, આખરે આદિલ મનસૂરી, મણિલાલ દેસાઇ વિગેરે મિત્રોના આગ્રહને વશ થઇ તેમણે બે ગઝલો 'કુમાર' માટે બચુભાઇ રાવતને મોકલી જે ૧૯૬૬માં 'દીવાલો' શીર્ષક તળે 'કુમાર'માં પ્રસિદ્ધિ પામી. તેમણે કાવ્યસર્જનના સુફળરુપે - અચાનક - ૧૯૭૦, અટકાયત - ૧૯૭૯, અંજની - ૧૯૯૧, ગઝલ સંગ્રહ 'હસ્તપ્રત' ૧૯૯૧, કોઇ કહેતું નથી - ૧૯૯૪, પ્રકાશિત થયાં છે જયારે તેમના મરણોત્તર સંગ્રહોમાં - એમ પણ બને - ૨૦૦૪ અને કયાંક પણ ગયો નથી - ૨૦૦૪ પ્રકાશિત થયેલ છે.

તેઓ ગુજરાતી સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહત્યિ પરિષદ દ્વારા પુરસ્કૃત થયો છે અને 'હસ્તપ્રદ' ને અકાદમી અને પરિષદ બંનેના પારિતોષિકો મળ્યાં છે. ૧૯૯૯માં આઇએનટી (મુંબઇ) દ્વારા કલાપી એવોર્ડથી કવિની સર્જકપ્રતિભાનું યશોચિત સન્માન કરાયું છે. તો સને ૨૦૦૨ના વર્ષે જાહેર થયેલ ધનજી કાનજી સુવર્ણચંદ્રક પણ એમનાં પરિવાર જનોને અર્પણ કરાયો છે.

સરળતા અને સહૃદયતા ધરાવતા મનોજભાઇની ગઝલોના થોડાક શેરને માણીએ.

(૧) બે લખી ગઝલ - મોથ શું મારી ?
તારી કયાં છે કમાલ, ભૂલી જા !

(૨) હકીકતમાં ગઝલનો 'ગ' જ સતત ઘૂટું છું વરસોથી
ખબર છે કે કવિતાનો હજી આખોય કક્કો છે.

(૩) શાહમૃગોની પાંખો મોહ્યો તડકો
રોજ સવારે શાહમૃગોનાં પટપટ પીંછા ગણતો
શાહમૃગોની ઋજુ રેશમી પતલી ડોકે
હવા ચૂમતી જાય.

(૪) જંગલને યાદ નથી કરવું વાલમજી,
વૃક્ષોનાં પાન મારું દુઃખ.

(૫) પાંદડાંની લીલપને વેગળી મેં રાખીને
જીવતરની માંડી છે વાત
આપણી સભાનતા તો જંગલની ઝાડીને
ઝાડીમાં ખોવી ના જાત!

(૬) શબ્દ અમારો તક્ષશીલા ને
કવિતાને સમજ્યા નાલંદા

(૭) કયાંથી હયાત પામી શકે પાર શબ્દનો
પ્હોળો છે આભ જેટલો વિસ્તાર શબ્દનો

(૮) રસમ અહીંની જુદી, નિયમ સાવ નોખા
અમારે તો શબ્દો જ કંકુને ચોખા

(૯) શબ્દ સાથે એટલો સંબંધ છે
પર્ણને લીલપથી સગપણ હોય છે

(૧૦) ચમત્કારો નથી તો આ લખાતા શબ્દો બીજું શું ?
સતત કાગળ ઉપર કંકુ ખરે છે - આંગળીમાંથી

(૧૧) કપાય કે ન બળે, ના ભીનો વા થાય જૂનો
કવિનો શબ્દ છે, એ શબ્દનો વિકલ્પ નથી.

(૧૨) અહીં આપણે આપણા શબ્દો ગાવા
જમાનો તો બીજુંય માગ્યા કરે છે

(૧૩) કવિતા તો છે કેસર વાલમાં
ધોળો સોના - વાટકડીમાં

(૧૪) સળગી જવું કબૂલ હો એણાં તો, વાત કર !
કવિતા તો છે મહેલ બનાવેલો લાખથી

(૧૫) પકડો કલમને કોઇ પળે એમ પણ બને
આ હાથ આખે આખો બળે એમ પણ બને

(૧૬) નથી દ્વાર કે દોસ્ત મારી દે તાળું
કવિતા તો છલકાતું વરસાદી નાળું !

(૧૭) ભયસૂચક થઇ આ સપાટી સ્મરણોની
કયાંક બહુ વરસાદ જેવું લાગે છે

(૧૮) વીત્યા છે વર્ષ પહેલાં સ્પર્શની પૂનમને ઝીલ્યાને -
છતાં ભરતી હજી કયાં ઓસરે છે આંગળીઓમાંથી !

(૧૯) ચાંદની દીધીને સ્મરણ દીધાં !
ને ઉપરથી ઋતુ શરદ આપી

(૨૦) ઘડીના માત્ર છઠ્ઠા ભાગમાં થાશે જીવન-દર્શન,
સડક વચ્ચે મરણનો હાથ ઝીલીને જરા નીકળો !

(૨૧) જિંદગીથી તું મોક્ષ માગે પણ -
જિંદગી પોતે જ મોક્ષદાયી છે.

(૨૨) અહીં ચોમેર મારી પગલાં પગલાં લાખ પગલાં છે
વીતેલી પળમાં સળગ્યો છું, ઘડીભર શ્વાલ લેવા દે !

(૨૩) કમળ + તંતુ સમા આ મૌનને તું તોડ ના નાહક
ફરીથી જોડવા બેસું તો વરસોનાં વરસ લાગે

(૨૪) બુકાની બાંધી ફરનારાનું આ તો છે નગર, મિત્રો !
મને ખુદને જ મળવામાં ઘણી તકલીફો પહોંચી છે.

- દધિ

# મા-બાપે પ્રેમલગ્નને માન્યતા આપવા મન મનાવી લીધુ છે, પણ હવે છૂટાછેડાનો પ્રશ્ન શિરદર્દ બની રહ્યો છે

## સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

વિજ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી જાય છે તેમ માનવીય સંવેદનાની ક્ષિતિજો સંકોચાતી જાય છે. સમાજમાં સમસ્યાઓની પરંપરા વડીલોનો કેડો મુકતી નથી. અત્યારે સમાજનો સૌથી મુંઝવતો પ્રશ્ન છે. સ્ત્રી ભૃણહત્યા - પરિણામે કન્યાઓની અછત, પ્રેમલગ્નો અને છુટાછેડા. એ પણ જમાનો હતો જેના ઘરે છૂટાછેડાનો પ્રશ્ન આવે તે પરિવારને મોં સંતાડવું પડતું. આજે છૂટાછેડા જાણે પરંપરા બનતી જાય છે. જે વ્યક્તિ છૂટાછેડા લે તે વટથી લે છે, જીવનની નાવ મધદરિયે ફંગોળાઇ જાય છતાં તેનો કોઇ વસવસો નહિ. વટકે સાથે જાહેર કરે કે પાંચ લાખમાં પતાવી દીધું. તો કોઇ ગૌરવથી કહે કે ૧૦ લાખમાં કેસ ફાઇલ કરી દીધો. દુઃખની વાત એ છે કે લાખોમાં ચર્ચાતી વાત હવે કરોડે પહોંચી છે અને છતાં મીર માર્યો હોય તેમ બેફિકરાઇથી જણાવે છે કે અમારી મીનાનું ૧૫ લાખમાં છુટું કરી નાખ્યું. શરુઆતમાં મોટી લાગતી આ રકમ હવે કરોડો પર પહોંચી છે. ત્યારે સમાજે આ પ્રશ્ને ગંભીરતાથી વિચારવું રહ્યું.

તાજેતરમાં સામાજિક રીતે થયેલા એન્ગેજ મેરેજ જયારે છૂટાછેડામાં પરિણમ્યા ત્યારે પતિએ રૂા. બે કરોડ આપી છૂટાછેડા લઇ લીધા. આને ધનની તુમાખી કહીશું કે યૌવનની બદતમીઝી? સમાજમાં આ વાત વાયુવેગે ફેલાઇ અને કરોડપતિઓને ચિંતા પેઠી કે આપણે ઘરે આવો પ્રશ્ન ઉપસ્થિત થાય તો ડિવોર્સ માટે આપણે પણ કરોડોની તૈયારી રાખવી પડે. વધુ આશ્ચર્યજનક ઘટના તાજેતરમાં બની યુવક અને યુવતી બંને આંતર જ્ઞાતિનાં હતા. યુવક બક્ષીપંચનો અને યુવતી ઉચ્ચ વર્ણની પણ કરોડપતિ બાપની દીકરી હતી. તેણે માતાપિતાની મરજી વિરુદ્ધ એક મધ્યમવર્ગીય યુવાન સાથે લવમેરેજ કર્યા (ભાગીને લગ્ન કર્યા એ શબ્દપ્રયોગ હવે જૂનવાણી લાગે છે) પણ થોડા જ સમયમાં બંને વચ્ચે તૂ-તૂ મૈં-મૈં થતાં અને વૈચારિક આભ-જમીનનું અંતર લાગતા યુવતીને પોતાની ભૂલ સમજાઇ અને તેણે છૂટાછેડા લેવાનું નક્કી કર્યું. પિતાને આ બાબતની જાણ થઇ તો ભાન ભૂલેલી દીકરી પાછી આવતી હોય તો અહોભાગ્ય સમજી દીકરીના છૂટાછેડા લેવાનું નક્કી કર્યું. જમાઇરાજને આની જાણ કરતાં જમાઇરાજે કહ્યું, તમારી દીકરીના ડિવોર્સ જોઇતા હોય તો રૂા. ત્રણ કરોડ આપવા પડશે અને કન્યાના પિતા આનાકાની પછી ત્રણ કરોડ આપવા તૈયાર થયા છે. પ્રશ્ન લાખ કે કરોડનો નથી પણ લગ્નમાં વેપારી ધોરણ દાખલ થાય તો આ બધું કયાં જઇને અટકશે? પ્રેમ કરીને થયેલા લગ્નમાં આવી સોદાબાજી આવે કઇ રીતે? પછી તો એવું પણ બને કે કોઇ લુખ્ખા, સ્માર્ટ અને બટકબોલા યુવકો કરોડપતિ દીકરીઓને ફસાવી થોડાં સમયમાં છૂટાછેડા આપી દે તોય સહજ રીતે ગાડીમાં ફરતો થઇ જાય. વડીલોની મુંઝવણ એ છે કે તેઓએ દીકરા/દીકરીના લવમેરેજને માન્યતા આપવાનું મન મનાવી લીધું ત્યાં છૂટાછેડાનો પ્રશ્ન એમના માટે શિરદર્દ સમાન બની રહ્યો છે.

સમાજની એ કરુણા છે કે બાળકોના જન્મદર સામે બાળકીઓના જન્મનું પ્રમાણ ઘટતું જાય છે. ગાંધીનગર જિલ્લામાં એક અહેવાલ પ્રમાણે ૧૦૦૦ બાળકોએ ૮૪૭ બાળકીઓનો જન્મદર છે ગુજરાતમાં ૧૦૦૦ છોકરાઓની સરખામણીએ છોકરીઓનો જન્મદર ૮૮૬ છે આની આડઅસર એ થઇ કે ગુજરાતમાં અપરણિત યુવતીઓ સામે કુંવારા યુવકોનું સંખ્યાબળ ત્રણગણું થતું જાય છે એટલે કે એક લાખ અપરણિત યુવતીઓ સામે ત્રણ લાખ યુવાનો કુંવારા છે. આવી પરિસ્થિતિમાં લગ્નેતર સંબંધોમાં ઉછાળો આવી શકે. ભારતમાં પણ ૨૦૧૩ના અહેવાલ પ્રમાણે દર હજારે ૧૩ છૂટાછેડાના કેસો કોર્ટમાં નોંધાય છે. સામાજિક રીતે થતાં છૂટાછેડાનું પ્રમાણ આનાથી વધુ હોઇ શકે.

જેટલી ગતિએ લવમેરેજ થાય છે તેટલી જ ગતિએ ડિવોર્સમાં પણ તેજી આવતી જાય છે. કેટલાક સમાજો આ પ્રશ્ને ગંભીર બન્યા છે. જૈન સમાજમાં વાગડ વિશા આગેવાન ચોવીસી મહાજને દીકરી જન્મે કે તરત તેના નામે ૧ લાખ ડિપોઝીટ મુકવાનો નિર્ણય કર્યો. કન્યાને તેના લગ્ન સમયે વ્યાજ સાથે તેટલી રકમ કરિયાવર પેટે સમાજ તરફથી આપવામાં આવે છે. સમાજમાં કન્યાદાન માટે ટહેલ નખાઇ કે તરત જ ૭૦ લાખનું દાન જાહેર થઇ ગયું. સમાજની કોઇ દીકરીને લગ્ન પછી કોઇ સમસ્યા ઊભી થાય તો કોઇની પાસે તેને હાથ લંબાવવો ન પડે. કેવો સ્તુત્ય નિર્ણય કહેવાય? દરેક સમાજે કન્યા અછત અને છૂટાછેડાની બાબતને ગંભીર ગણી તેના નિવારણ માટે ઘટિત પગલા લેવા જ રહ્યા...

આવી સમસ્યાઓથી ઊભી થતી આડઅસર ગંભીર પરિણામો લાવી શકે. ઇંગ્લેન્ડમાં લગ્નેતર સંબંધોથી જન્મેલા બાળકોનું પ્રમાણ વધતું જાય છે પરિણામે આવા બાળકોનું ભાવિ જોખમમાં મુકાય છે. રશિયામાં ૨૦૦૯માં સાત લાખ છૂટાછેડા થયેલાં.

પ્રેમ કરીને થયેલા લગ્નમાં ભંગાણ સર્જાય અને તે તિરાડ સાંધવા પ્રયત્ન કરવાને બદલે બાપે માર્યા વેર હોય તેમ એકબીજાથી અલગ થવાનો નિર્ણય કરી નાખે એમને પુછો તો જવાબ નહીં આપી શકે કે ખરેખર ઝઘડો શેનો છે? બસ દરિયામાં મોડું ઓ અને થોડી ક્ષણોમાં પાછું વળી જાય તેમ લાગણીનું મોજું આવ્યું, પ્રેમ થયો અને કોઇ પણ કારણ વિના લાગણીમાં ઓટ આવી જાય... કેમ કરીને ચાલશે આ વ્યવસ્થા? બગીચામાં, થિયેટરમાં, એકાંતની પળોમાં કેવળ સ્પર્શ થાય અને શરીરમાં જાગતો રોમાંચ એકદમ નફરતમાં પટલાઇ જાય આ કેવો પ્રેમ? જેમ પ્રેમલગ્ન કરીને કેટલાક પસ્તાય છે તેમ ડિવોર્સ લીધા પછી પણ ઘણા પેટ ભરીને પસ્તાય છે. ટ્રેજેડી ક્વીન મીનાકુમારીએ કલામ અમરોહી સાથે પ્રેમલગ્ન કર્યા. મેળ ન જાણ્યો થોડા જ સમયમાં છૂટા પડ્યા. બે ત્રણ વર્ષ મીનાકુમારી મહેમૂસ સાથે રહી પછી પસ્તાવો થતાં તેણે કમાલ અમરોહીને પત્ર લખી પોતાનો સ્વીકાર કરવાની વિનંતી કરી પણ મુસ્લિમ કાયદા મુજબ એકવાર તલાક લીધેલી પત્ની ફરી પોતાના પતિ પાસે પરત આવવા માગે તો તેણે બીજી વ્યક્તિ સાથે થોડો સમય લગ્ન કરી છૂટાછેટા લીધા બાદ પરત આવી શકે. તેણે કમાલ અમરોહીના આસીસ્ટન્ટ બાકર અલી સાથે મેરેજ કર્યા. પણ પછી બાકર અલીએ તેને તલાક આપવાની ના કહી. મીનાકુમારી ખૂબ પસ્તાઇ તે શરાબના રવાડે ચઢી. ત્યારબાદ તેના સંબંધો ભારતભૂષણ, ગુલઝાર, ધર્મેન્દ્ર સાથે ચર્ચામાં રહ્યા છેવટે તેનો કરુણ અંજામ આવ્યો એક ખોટો નિર્ણય જીંદગી બરબાદ થઇ ગઇ...

યુવામિત્રો, લવમેરેજ સામે વડીલોને કોઇ વાંધો નથી એ તમારો અધિકાર છે. પણ અધિકારમાં પરિપક્વતા હોવી જરુરી છે. પ્રેમ એ કોઇ વ્યાપાર નથી તેમાં સોદાબાજી હોઇ શકે નહિ. કોઇ કારણસર છૂટા પડવાનો નિર્ણય લો તો તેમાં દ્વેષભાવ કે તિરસ્કાર ન આવે. આવુ કરી શકો તો જ તમે સાચા પ્રેમી...

# મોટા ભાગના લોકો તો પોતાની સફળતામાં અંજાઇ બુદ્ધિ ગુમાવી બેસે છે અને કોઇ કહે તે કાને ધરવા પણ તૈયાર થતા નથી, આમ સમાજમાં નાના મોટા દુષ્ટકર્મો થતાં રહે છે

## સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

અસદ્ ભૂમ્યાઃ સમભવત્ તદ યામેતિ મહદ્ વ્યચઃ
તદ વૈ તતૌ વિદૂયાયત પ્રત્યક કર્તાર મૂચ્છતિ.

અથર્વવેદ - ૪-૧૬-૬

'હે ઔષધ, આપ અસદ્ ભૂમિમાં ઉત્પત્તિ થયા છો પણ આપની મહત્તા દ્યુલોક સુધી વ્યાપેલી છે. આપ અભિચાર કરનારા પાસે તેને પહોંચાડી દો.'

ઉપરોક્ત અનુવાદ 'અથર્વ સંહિતા' માં અપાયો છે. આ ઉપરાંત 'વેદોનો દિવ્ય સંદેશ ગ્રંથમાં અનુવાદ અન્ય છે.' 'દુષ્યતા - પૂર્વક કરાયેલા કર્મે ભલે નાના હોય કે, કે મોટા હોય. છેવટે તે કર્તાનો જ વિનાશ સૂચવે છે. તેના પ્રતિફળ પણ તેઓને જ ભોગવવા પડે છે.'

આ અનુવાદને અનુસરતા એમ લાગે છે કે ઔષધના સંબોધનમાં વ્યક્તિની વાત પણ આવે છે. દુષ્કર્મોને કરનાર માટે ખાસ કહેવાયું છે કે દુષ્કર્મોનો બદલો પરમાત્મા તરફથી મળે જ છે. આ ઉપરાંત ઔષધિના સંબોધનમાં એવો અર્થ પણ ફલિત થાય છે જેમ ઔષધ વગડામાં જન્મે, જંગલોમાં ઉછરે પણ તે માનવ -સમાજને રોગ મુક્ત કરે તેમ નાના માણસો, નિમ્ન-કક્ષાના સંતાનો પણ પોતાના આંતરિક ગુણો દ્વારા સમાજને રોગમુક્ત કરવામાં પોતાનો ફાળો આપતા હોય છે. વ્યક્તિ પોતાના સત્કર્મોથી માન - યશ તથા કીર્તિ સંપાદન કરી શકે છે. નિમ્ન કુળમાં જન્મેલો નિમ્ન જ હોય તે માન્યતા પાછળી સદીની છે. આજના યુગમાં આપણે એવા અનેક દાખલાઓ, દેશ-વિદશમાં, જોઇ શકીએ છીએ જયાં નાના માણસોએ જ મહાન કાર્યો કર્યા હોય. મહાભારતમાં ભગવાન વેદવ્યાસ કહે છે 'કોઇને જન્મના કારણે હલકો ગણવો તે પાપ છે.' કર્ણ પોતાને બેધકડ રાધાના સંતાન તરીકે ઓળખાવે છે. તેને 'કૌંતેય' નથી ગણાવું. માત્ર 'રાધેય' જ ગણાવું છે. જન્મ ગમે તે કુળમા થાય, પણ પુરુષાર્થે તો વ્યક્તિનો પોતાનો હોય તો તે આગળ વધી જાય છે. વિષ પણ ઔષધરુપે વપરાય છે અને જીવન હણનાર નહિ પણ જીવનદાતા તરીકે કાર્ય આપે છે. જો વિષ પણ માનવ માટે ઉપકારક બનતું હોય તો વ્યક્તિ વ્યક્તિને શા માટે ઉપકારક ન બને?

નાના કે મોટા દુષ્કૃત્યોના મૂળ વિશે વિચારીએ તો ત્યાં આપણા કેટલાક મનોવિકારો પડ્યા હોય છે. અજ્ઞાન કે અશ્રદ્ધા તથા વાસના આમાં મોટા ભાગે કારણભૂત તત્ત્વો ગણાય છે. આ તત્વો માનવીના માનસપટ પર દબાણ કરે છે. પરિણામે સારા-નરસા વિચારો ઊભા થાય છે. જનતા તો બાહ્ય દેખાય તથા દંભથી ભ્રમિત થાય છે તેને છેતરવા માટે દુષ્કૃત્ય આચરનાર વિવિધ વસ્ત્રો ધારણ કરતાં રહે છે. કોઇ સાધુનો, સ્વામીનો તો ગુરુનો વેશ લે છે. તો કોઇ વળી પોતાની જાતને સેવક ગણાવે છે નેતાની જમાત પણ આમ જ ખડી થાય છે પરંતુ આ સૌના આંતરિક મનોભાવ તો સાવ નીતિવિહીન હોય છે. ન્યાય નીતિ કે પ્રમાણિકતાને તો 'પોથીમાંના રિંગણાં' ગણતા આવા માનવીઓ દુષ્કૃત્યો કરવામાં પાછા પડતા નથી. સત્ય તરફ પીઠ ફેરવીને આ માણસો અસત્યને જ આલિંગનમાં લે છે. અસદ્ કર્મોથી જ સત્તા અને સંપત્તિની પ્રાપ્તિ થાય છે તેવું ધ્યાનમાં આવતા વધારેને વધારે ઊંડા પાણીમાં ઊતરતા જાય છે. વાસ્તવિકતા તરફ તે પોતાની આગવી નજરે જોઇ શકે છે. પ્રમાણિકતા કે ખંતપૂર્વક કામ કરનારને વેદિયા કે પછી 'બોચિયા' કહી તેનો ઉપહાસ કરતા રહે છે. મોટા ભાગના લોકો તો પોતાની સફળતામાં અંજાઇ બુદ્ધિ ગુમાવી બેસે છે અને કોઇ કહે તે કાને ધરવા પણ તૈયાર થતા નથી. આમ સમાજમાં નાના મોટા દુષ્ટકર્મો થતાં રહે છે.

મોટા ભાગના લોકો પોતાની આસપાસના સમાજમાં થતા દુષ્કર્મોને પડકારતા નથી ભાગ્યે જ કોઇ ખોટાને ખોટો કહેવાનું શૌર્ય દાખવે છે. વળી પડકાર કરનાર પોતે તે ખરડાયેલો નથી ને તેવું સમાજ વિચારે છે. લોકો જાતજાતની વાતો તો અવશ્ય કરે છે પણ અન્યાય કે અનીતિ દૂર કરવાનો દૃઢ સંકલ્પ કે મનોબળ ધરાવતા નથી. પરિણામે હિન તત્ત્વોને વધારે ફાવટ આવી જાય છે. તેને મદદ કરનાર પણ તુરંત મળી આવે છે કારણ અસામાજિક કર્મ કરનાર વ્યક્તિ પોતે કાં તો સત્તાધારી હોય છે અથવા સંપત્તિવાન. તેની મદદ કરનારને તે વિવિધક્ષેત્રે ફાયદો કરાવી શકે છે. સજ્જનોની નિર્બળતાના કારણે જ સમાજમાં દુર્જનોનું આધિપત્ય વધતું જાય છે. નાના મોટા દુષ્કર્મો વારંવાર થતાં રહે છે. આપણને વળી કોણ પુછનાર છે તેવું માનવી માને છે.

આપણા કાયદાઓ ઢીલા અને કોમળ છે તેને જે બાજુ વાળવા હોય તેમ વાળી શકાય. અહીં ખૂની તદ્દન નિર્દોષ બને છે. થોડી ટેકનિક, થોડી સંપત્તિ ને થોડી મજબૂરીથી મોટા ફેરફારો કરાવી શકાય છે. પરંતુ પ્રકૃતિના કાયદા તો તદ્દન જડ છે તેમાં કોઇ અપવાદ થતો નથી તમે જે કર્મ કર્યું તેનો બદલો અવશ્ય મળવાનો. બાવળ વાવો તો પછી બોરસલ્લી ન ઊગે. પાપનું વૃક્ષ જરા ઝડપે વધતું જાય છે. જયારે એક બૂરો વિચાર તમારા મનમાં આકાર પામે. તેનો અમલ કરવા મન તથા ઇન્દ્રિયો તૈયાર થાય ત્યારે જ પાપની બુજ વવાય જાય છે. દુષ્કૃત્ય નાનું હોય કે મોટું તે કયારેય પણ માફ કરવામાં આવતું નથી. 'સદાચાર' સંગ્રહમાં કહેવાયું છે કે તમારા પાપનો બદલો ભલે તુરત ન મળે પણ એ પાપ તમારા કુળના વૃક્ષના મુળીયાં બાળી નાખે છે ને સમય થતાં તમામ કુળ વિનાશ પામે છે. સદ્ - અર્થ કે પછી પરોપકાર માટે પણ જો દુષ્કૃત્ય કરવામાં આવ્યું હોય તો પણ પ્રકૃતિ તે માફ નથી કરતી. માનવીય ધારણા જેવી દલીલો ત્યાં ચાલતી નથી. કરાયેલા કર્મનો બદલો અવશ્ય મળતો રહે છે. કૃત્યના પાયામાં તો મલિન વિચારધારા હોય છે. વિચારો નબળા કે ગંદા હોય ત્યારે સ્વભાવ બદલાય જાય છે. આપણા વિચારોની અસર તો આપણા આસપાસના તમામ ક્ષેત્રોમાં થાય છે. એટલે કુળનો વિનાશ થવો શક્ય બને છે. કૌરવોના સોએ સો ભાઇઓ કદાચ દુર્યોધન જેવા પાપી નહિ હોય. પરંતુ વિનાશ તો પૂર્ણ કુળનો થયો. ઘોર કર્મનું પ્રતિફળ પણ ભારે ઘોર હોય છે. અશ્વત્થામાં આજે પણ માથામાં પીડા ભોગવતો રખડે છે તેમ મનાય છે. 'રામાયણ'ના સર્જક વાલ્મિકીએ પેલા પારધીને પણ લાંબો સમય શાંતિ નહિ મળે તેવો શાપ આપ્યો હતો. નાના કે મોટા દુષ્ટ-કર્મનું પ્રતિફલ તો તે આચનારને પોતાને જ ભોગવવું પડે છે. સાથે સાથે તે ભારે વિનાશક પરિણામ પણ સર્જે છે.

માનવીના મનમાં વિવિધ પ્રકારના સંવેદનો હોય છે ઘણા લોકો એવું માને છે કે આપણે કયાં દુષ્કર્મ કર્યું છે કે જેણએ કર્યું તે ભોગવે. પરંતુ દુષ્કર્મનો પ્રતિકાર ન કરવો, મૌન રહી તેને ટેકો આપવો તે પણ પાપકર્મ જ ગણાય છે. ભીષ્મ તથા દ્રોણ જેવા કૌરવ સભામાં ચૂપ બેઠા તો દુશાસને દુષ્કર્મ કર્યું પરિણામ સૌને ભોગવવું પડ્યું. જગતગુરુ શંકરાચાર્યજી તો કહે છે પંચ મહાપાતક આચરનાર સાથે વાણીનો વહેવાર કરનાર પણ પાપાચારી મનાય છે. મૌન એ સંમતિનું લક્ષણ મનાયું છે. માટે જયાં આપણને દુષ્કર્મ જેવું લાગે ત્યાં સ્પષ્ટ વિરોધ કરવો તે પ્રાથમિક ફરજ છે.

આપણા માનસિક ભાવોનું પણ આ સંદર્ભમાં અવલોકન કરવું જરુરી છે. કેટલાક માણસો. અશક્તિના કારણે કે પછી પરિસ્થિતિના કારણે સ્થૂળ-સ્વરુપે દુષ્કર્મ કરતી નથી પરંતુ મનમાં વારંવાર તેવા ભાવોનું સ્મરણ કરે છે સ્થૂળ રુપે તો બળાત્કાર નથી કરતા પણ રુપવતી મહિલાને જોઇ તેવા જ ભાવ મનમાં અનુભવે છે. આ પાપ વધારે ભયંકર છે જે સ્થળૂ રુપે થયું તે તો થઇ ગયું. એકવાર અંત આવ્યો પરંતુ માનસિક વલણ લાંબો સમય કેડો મુકતું નથી. તેના કારણે વારંવાર મનમાં વિચારો આવે છે. ધીમે ધીમે આ વિચાર સ્થાયી થઇ જાય છે. પ્રકૃતિ આવા દોષને પણ ગુનો જ ગણ છે અને તે માફ થતો નથી. આપણા આ માનસિક વલણનો પ્રતિઘોષ કુટુંબમાં પડે છે અને જે આપણે નથી આચર્યું તે કુટુંબનો કોઇ સભ્ય કયારેય આચરે છે ને આમ પ્રકૃતિ તેના નિયમભંગનો બદલો લે છે.

ઔષધિ જેમ કપાટ પીસાય ને નીચોવાઇ રોગીને રોગમુક્તિ કરે તેમ સજ્જનો નિચોવાઇને સમાજને રોગમુક્ત રાખવા સતત જાગૃત રહે તો દુષ્કર્મો ઓછા થાય. સત્કર્મોનો વ્યાપ જો વધે તો આપોઆપ દુષ્કર્મોનો અંત આવે. પણ જો સમાજમાં ખોટા સિક્કાઓ જ વધારે હોય તો સાચા સિક્કા આપોઆપ ચલણમાં ન વર્તાય. સજ્જનો તથા દુર્જનોના વધતા ઓછા પ્રમાણનાં કારણે 'યુગો' જુદા જુદા નામે ઓળખાય છે.